એકમ 6

# પુરવઠાનો નિયમ

## : રૂપરેખા :

6.0 ઉદ્દેશો
6.1 પ્રસ્તાવના
6.2 પુરવઠાનો અર્થ
6.2.1 વસ્તુ વેચવાની ઈચ્છા
6.2.2 વસ્તુ વેચવાની શક્તિ
6.2.3 વસ્તુની ચોક્કસ કિંમત
6.3 પુરવઠા અને જથ્થા વચ્ચેનો તફાવત
6.4 પુરવઠાનો નિયમ
6.4.1 પુરવઠાના નિયમની ધારણાઓ
6.4.1.1 અવેજી વસ્તુઓની કિંમત સ્થિર છે
6.4.1.2 ભવિષ્યના ભાવો અંગેના અંદાજો સ્થિર છે
6.4.1.3 ઉત્પાદન ખર્ચ સ્થિર રહેવું જોઈએ
6.4.1.4 કરવેરાનું પ્રમાણ સ્થિર છે
6.4.1.5 આકસ્મિક ઘટનાઓનો અભાવ
6.4.1.6 પેઢીઓની સંખ્યા સ્થિર છે
6.4.1.7 પેઢીઓનો ઉદ્દેશ
6.4.1.8 અન્ય પરિબળો
6.4.2 પુરવઠાના નિયમની સમજૂતી
6.4.2.1 પુરવઠાની અનુસૂચિ
6.4.2.2 પુરવઠા રેખા
6.4.3 કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ શા માટે?
6.4.3.1 અવેજી અસર
6.4.3.2 ઉત્પાદન ખર્ચ
6.4.4 પુરવઠાના નિયમના અપવાદો
6.4.4.1 અલભ્ય વસ્તુઓ
6.4.4.2 અનાજનો પુરવઠો
6.4.4.3 શ્રમનો પુરવઠો
6.4.4.4 નફાનો ઉદ્દેશ ન હોવો
6.4.4.5 વસ્તુના ભાવ અંગેની અફવા
6.5 સારાંશ
6.6 તમારી પ્રગતિ ચકાસો
6.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો

## 6.0 ઉદ્દેશો :

આ એકમ દ્વારા તમે શીખશો -

- પુરવઠાની વ્યાખ્યા, ખ્યાલ અને પુરવઠા તથા જથ્થા વચ્ચેનો તફાવત
- પુરવઠાનો નિયમ તેની ધારણાઓ, પુરવઠાની અનુસૂચિ અને આકૃતિ
- કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ શા માટે હોય છે તેની સમજણ
- પુરવઠાના નિયમના અપવાદો

## 6.1 પ્રસ્તાવના:

બજારમાં ચીજ - વસ્તુઓની માંગ થતી હોવાથી ચીજ - વસ્તુઓનો પ્રવાહ વહે છે. જે વસ્તુઓ લોકોના કામની હોય તેવી વસ્તુઓનો જથ્થો લોકોની માંગની રીતે મર્યાદિત હોય છે અને તેની બજારમાં માંગ થાય છે. સડી ગયેલા શાકભાજી કે અન્ય નકામી વસ્તુઓની સામાન્ય રીતે બજારમાં કોઈ માંગ હોતી નથી. તેવી જ રીતે કેટલીક વસ્તુઓનો જથ્થો માંગની રીતે અમર્યાદિત હોય છે, જેમ કે સૂર્યપ્રકાશ, પણ તેની માંગ બજારમાં હોતી નથી. જ્યારે કેટલીક વસ્તુઓ કામની હોય તથા જેનો જથ્થો મર્યાદિત હોય દા.ત. અનાજ, કાપડ, દવાઓ વગેરે, જેની માંગ થાય છે અને તેથી તેનો પુરવઠો પણ હોય છે. તો પછી પુરવઠો એટલે શું? તેવો પ્રશ્ન ઉપસ્થિત થાય છે.

## 6.2 પુરવઠાનો અર્થ:

સામાન્ય રીતે આપણે પુરવઠાને વસ્તુના જથ્થા કે ઉત્પાદન સાથે સાંકળીએ છીએ, પરંતુ જેમ 'માંગ' શબ્દનો અર્થ સામાન્ય ભાષા કરતા અર્થશાસ્ત્રની ભાષામાં જુદો છે, તેજ રીતે 'પુરવઠા' શબ્દનો અર્થ પણ અલગ છે. ઉત્પાદક જે કોઈ પણ વસ્તુનું ઉત્પાદન કરે છે તે તમામ ઉત્પાદિત થતી વસ્તુના બધા જ એકમો ઉત્પાદક બજારમાં વેચાણ અર્થે મુકતો નથી. તેથી આપણે કહી શકીએ કે, પુરવઠો એટલે અમુક નિશ્ચિત કિંમતે અને સમયે વસ્તુના કુલ જથ્થામાંથી જે ભાગ બજારમાં વેચવા માટે મુકવામાં આવતો હોય તો તે જે - તે વસ્તુનો પુરવઠો કહેવાય છે. અહીં એ યાદ રાખવું જરૂરી છે કે જે વસ્તુ બજારમાં વેચાવા અર્થે આવે છે તે અને તે જ વસ્તુનો પુરવઠો છે. પુરવઠા વિશે વધુ સમજ મેળવવા માટે નીચેની કેટલીક બાબતો સમજવી અતિ આવશ્યક છે.

### 6.2.1 વસ્તુ વેચવાની ઈચ્છા:

કોઈપણ ઉત્પાદક બજાર માંગને ધ્યાનમાં રાખીને ચીજ-વસ્તુઓનું ઉત્પાદન કરતો હોય છે. આ જે ઉત્પાદન થાય છે તે વેચવાની ઈચ્છા ઉત્પાદકની હોવી જોઈએ. જો ઉત્પાદક ઉત્પન્ન વસ્તુ વેચવાની ઈચ્છા જ ન ધરાવતો હોય તો તેને પુરવઠો કહી શકાય નહિ. દા.ત. કોઈ ઉત્પાદક 1000 મોબાઈલ ફોનનું ઉત્પાદન કરે છે, પરંતુ તે તેમાંથી માત્ર 700 મોબાઈલ જ વેચવાની ઈચ્છા ધરાવે છે, બાકીના 300 મોબાઈલ ભવિષ્યમાં કિંમત વધશે ત્યારે વેચાણ માટે મુકશે, તો વર્તમાન સમયમાં મોબાઈલનો પુરવઠો 1000 નહીં પરંતુ 700 જ કહેવાશે. આમ, ઉત્પાદકની જેટલી વસ્તુ વેચવાની ઈચ્છા હશે તેટલો જ તેનો પુરવઠો હશે.

### 6.2.2 વસ્તુ વેચવાની શક્તિ:

કોઈપણ ઉત્પાદક વસ્તુ વેચવાની ઈચ્છા ધરાવતો હોય એ માત્ર પૂરતું નથી વસ્તુ વેચવાની ઈચ્છાની સાથે સાથે વસ્તુ વેચવાની શક્તિ પણ હોવી જોઈએ. દા.ત. કોઈ ઉત્પાદક બજારમાં 1500 મોબાઈલ ફોન વેચવાની ઈચ્છા ધરાવે છે, પરંતુ તેની ક્ષમતા માત્ર 1000 મોબાઈલનું જ ઉત્પાદન કરવાની છે અને જો તેની પાસે 1000 મોબાઈલ હોય અને તે બધા વેચવા માટે તૈયાર હોય તો મોબાઈલનો પુરવઠો 1500 નહિ પરંતુ 1000 જ કહેવાશે. આમ, પુરવઠાનો વિચાર કરતી વખતે ઉત્પાદકની વસ્તુ વેચવાની શક્તિને પણ ધ્યાનમાં રાખવી જોઈએ.

#### 6.2.3 વસ્તુની ચોક્કસ કિંમત:

ઉત્પાદકની વસ્તુ વેચવાની ઈચ્છા અને શક્તિ હોવાની સાથે સાથે વસ્તુની ચોક્કસ કિંમત પણ વસ્તુનો પુરવઠો નક્કી કરે છે. ઉત્પાદક તેણે ઉત્પન્ન કરેલ વસ્તુની અમુક ચોક્કસ કિંમત પ્રાપ્ત થાય તો અને તો જ તે વસ્તુ બજારમાં વેચવા માટે મૂકે છે. અર્થાત પુરવઠાને કિંમત સાથે પણ સંબંધ છે, માટે જ વસ્તુની કિંમત વધતા પુરવઠો વધે અને વસ્તુની કિંમત ઘટતા પુરવઠો ઘટે છે.

આમ આપણે કહી શકીએ કે, "પુરવઠો એટલે અમુક નિશ્ચિત સમયગાળામાં અમુક ચોક્કસ કિંમતે ઉત્પાદક અથવા તો વેચનારની વસ્તુ વેચવાની ઈચ્છા અને શક્તિ."

પુરવઠા વિશે જુદા જુદા અર્થશાસ્ત્રીઓએ આપેલી વ્યાખ્યાઓ આ મુજબ છે.

"વસ્તુનો પુરવઠો એટલે વસ્તુનો એ જથ્થો કે જે ઉત્પાદક વેચવા માટે શક્તિમાન હોય અને તૈયાર પણ હોય."

***- પ્રો. આર.જી. લિપ્સી***

"અન્ય પરિબળો યથાવત્ રહેતા આપેલી કિંમતે વસ્તુનો જે જથ્થો વેચાણ માટે આવે છે તેને પુરવઠો કહેવાય છે."

***- પ્રો. મેયર્સ***

### 6.3 પુરવઠા અને જથ્થા વચ્ચેનો તફાવત:

સામાન્ય રીતે આપણે પુરવઠા અને જથ્થા વચ્ચે કોઈ ભિન્નતા જોતા નથી, પરંતુ અર્થશાસ્ત્રમાં જથ્થા અને પુરવઠા વચ્ચે તફાવત છે. કોઈપણ ઉત્પાદક વસ્તુઓનું જે ઉત્પાદન કરે છે તે બધું જ ઉત્પાદન એક સાથે વેચવા માટે બજારમાં મુકતો નથી. આમ, વસ્તુના કુલ ઉત્પાદનને તે વસ્તુનો જથ્થો કહેવામાં આવે છે. આ જથ્થો ગોદામમાં વેચાયા વિનાનો હોય છે. આ જથ્થામાંથી ઉત્પાદક અથવા તો વેચનાર અમુક જથ્થો બજારમાં નિશ્ચિત સમયગાળામાં અમુક ચોક્કસ કિંમતે વેચવા માટે મૂકે છે. આમ, જેટલો જથ્થો બજારમાં આવે છે તેને પુરવઠો કહે છે. આમ, પુરવઠો વસ્તુના જથ્થા કરતા ઓછો અથવા તો જથ્થા જેટલો હોઈ શકે, પરંતુ જથ્થા કરતા વધારે ન હોઈ શકે. જો ઉત્પાદકને કિંમત અનુકૂળ હોય તો જથ્થો સંપૂર્ણ રીતે વેચાણ માટે આવશે, જ્યાં જેટલો જથ્થો છે તેટલો જ પુરવઠો બનશે. જ્યારે કેટલીક વખત પ્રવર્તમાન કિંમત ઉત્પાદકને અનુકૂળ ન હોય તો તે બધી જ વસ્તુ વેચવાને બદલે બજારમાં ઓછી વસ્તુ વેચવા કાઢશે અને બાકીનો જથ્થો ગોડાઉનમાં સંગ્રહ કરશે. આવી પરિસ્થિતિમાં જથ્થા કરતા પુરવઠો ઓછો રહેશે. બીજી તરફ નાશવંત વસ્તુનો જથ્થો અને પુરવઠો સરખા હોય છે. દા.ત. દૂધ, શાકભાજી વગેરે, આવી વસ્તુઓનું ટૂંકાગાળામાં વેચાણ કરી નાખવું પડતું હોય છે કારણકે તેમાં બગાડ થવાની શક્યતાઓ રહેલી છે. માટે તેનો જથ્થો અને પુરવઠો સરખા હોય છે. જ્યારે ટકાઉ વસ્તુઓની બાબતમાં જથ્થા અને પુરવઠા વચ્ચે તફાવત રહે છે.

### 6.4 પુરવઠાનો નિયમ:

પુરવઠાનો નિયમ કોઈક વસ્તુની કિંમત અને તેના પુરવઠા વચ્ચેનો સંબંધ પ્રદર્શિત કરે છે. જો વસ્તુની બજાર કિંમત વધુ હોય તો ઉત્પાદક અને વેચનાર વધુ જથ્થો બજારમાં વેચવા માટે મુકતા હોવાથી પુરવઠો વધે છે અને જો બજાર કિંમત ઓછી હોય તો ઓછો જથ્થો બજારમાં વેચાણ અર્થે મૂકે છે, જેથી પુરવઠો ઘટે છે. આમ, વસ્તુનો પુરવઠો હંમેશા તેની પ્રવર્તમાન કિંમતનાં સંદર્ભમાં નક્કી થાય છે.

"જો અન્ય પરિબળો યથાવત્ રહે તો વસ્તુની કિંમત અને તેના પુરવઠા વચ્ચે સીધો સંબંધ છે, અર્થાત્ વસ્તુની કિંમત વધે તો તેનો પુરવઠો વધે અને વસ્તુની કિંમત ઘટે તો તેનો પુરવઠો ઘટે."

આમ, વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચે કાર્યકારણનો સંબંધ છે, અર્થાત વસ્તુની કિંમતમાં ફેરફાર એ કારણ છે અને વસ્તુના પુરવઠામાં ફેરફાર એ પરિણામ છે. વસ્તુની કિંમત અને તેના પુરવઠા વચ્ચે સીધો સંબંધ રહેલો છે; કિંમત જેમ વધારે તેમ પુરવઠો વધારે અને કિંમત જેમ ઓછી તેમ પુરવઠો ઓછો.

### 6.4.1 પુરવઠાના નિયમની ધારણાઓ:

#### 6.4.1.1 અવેજી વસ્તુઓની કિંમત સ્થિર છે:

જે વસ્તુના પુરવઠા વિશે આપણે વિચારીએ છીએ તે સિવાયની અન્ય ચીજ વસ્તુઓની કિંમત પણ તે વસ્તુના પુરવઠા ઉપર અસર નીપજાવે છે. દા.ત. જો કોઈ વ્યક્તિ ચા અને કોફી બે વસ્તુઓનું ઉત્પાદન કરે છે, હવે જો ચાની કિંમત વધે તો ઉત્પાદક કોફીના બદલે ચાનું ઉત્પાદન કરશે. કારણ કે, ચાની કિંમત વધવાથી ઉત્પાદકને તેમાં નફાની શક્યતા વધારે છે. જેના પરિણામે ચાનો પુરવઠો વધે છે, પરંતુ કોફીનો પુરવઠો ઘટે છે. અહીં કોફીની કિંમતમાં કોઈ વધારો કે ઘટાડો ન થયો હોવા છતાં પણ તેના પુરવઠામાં ઘટાડો થાય છે. એટલે કોફીનો પુરવઠો એ ચાની કિંમત ઉપર પણ આધારિત છે. માટે કિંમતની પુરવઠા ઉપરની અસર તપાસતી વખતે અવેજી વસ્તુઓની કિંમત સ્થિર ધારવામાં આવે છે.

#### 6.4.1.2 ભવિષ્યના ભાવો અંગેના અંદાજો સ્થિર છે:

ભવિષ્યના ભાવ વિશેના અંદાજો પણ વસ્તુના પુરવઠાને અસર કરે છે. કોઈ પણ વસ્તુનો પુરવઠો ભવિષ્યના ભાવો ઉપર પણ આધારિત છે. દા.ત. જો કોઈ વસ્તુની કિંમત ભવિષ્યમાં વધવાનો અંદાજ હોય તો વર્તમાનમાં કિંમત વધવા છતાં પણ વેપારીઓ ઉત્પાદિત જથ્થો વેચવા માટે બજારમાં મુકશે નહિ કારણ કે, ભવિષ્યમાં વધુ કિંમત પ્રાપ્ત થતા વધુ નફો મળશે તેવી અપેક્ષા તેઓની હોય છે. પરિણામે વર્તમાનમાં કિંમતો વધુ હોવા છતાં પણ પુરવઠો વધતો નથી. એ જ રીતે જો ભવિષ્યમાં વસ્તુની કિંમતમાં ઘટાડો થવાની સંભાવના હોય તો વર્તમાનમાં ઘટતા ભાવે પણ વેપારીઓ વધુ જથ્થો વેચાણ માટે બજારમાં મૂકશે, આવી પરિસ્થિતિમાં કિંમત ઘટતી હોવા છતાં પુરવઠો વધે છે. માટે કિંમત અને પુરવઠા વચ્ચેનો સીધો સંબંધ સ્થાપિત કરતી વખતે ભવિષ્યમાં વસ્તુની કિંમત સ્થિર રહેશે તેવી ધારણા કરવામાં આવે છે.

#### 6.4.1.3ઉત્પાદન ખર્ચ સ્થિર રહેવું જોઈએ:

કિંમત અને પુરવઠા વચ્ચેનો સીધો સંબંધ સ્થાપિત કરતી વખતે ઉત્પાદન ખર્ચ અને ઉત્પાદનના સાધનોની કિંમત સ્થિર ધારવામાં આવે છે. ઉત્પાદન ખર્ચ અને વસ્તુના પુરવઠા વચ્ચે ખૂબ જ ગાઢ સંબંધ છે. આમ, પુરવઠો ઉત્પાદન ખર્ચ ઉપર પણ આધારિત છે. જો ઉત્પાદનના સાધનની કિંમત ઘટે, તો ઉત્પાદન ખર્ચ ઘટે, આથી વધુ નફો પ્રાપ્ત થવાની શક્યતા વધે, માટે ઉત્પાદક વધુ નફો મેળવવા માટે બજારમાં વધુ જથ્થો મૂકશે જેથી પુરવઠો વધશે. આનાથી ઉલટું જો ઉત્પાદનના સાધનની કિંમત વધે તો ઉત્પાદન ખર્ચ વધે, જેથી નફો ઘટે, પરિણામે વસ્તુના પુરવઠામાં ઘટાડો થાય છે. અહીં વસ્તુના ભાવ વધવા છતાં પણ પુરવઠો ઘટે છે અને ભાવ ઘટવા છતાં પણ પુરવઠો વધે છે. આથી પુરવઠાનો નિયમ સમજતી વખતે ઉત્પાદન ખર્ચ અને ઉત્પાદનના સાધનોની કિંમતો સ્થિર ધારવામાં આવે છે.

#### 6.4.1.4કરવેરાનું પ્રમાણ સ્થિર છે:

સરકારની કરવેરા નીતિ પણ ભાવપ્રવાહોને અસર કરે છે, જે અંગત: વસ્તુના પુરવઠા ઉપર અસર જન્માવે છે. દા.ત. ઉત્પાદન ઉપરના વેરામાં વધારો થવાના કારણે વસ્તુઓની કિંમત વધે છે, પરંતુ પુરવઠો વધતો નથી. તે જ રીતે ઉત્પાદન ઉપરના વેરામાં ઘટાડો થવાથી વસ્તુઓની કિંમત ઘટે છે, પરંતુ પુરવઠામાં ઘટાડો થતો નથી. આવા સમયે પુરવઠાનો નિયમ સાચો પડતો નથી. આથી વસ્તુઓ ઉપરના કરવેરા સ્થિર ધારવામાં આવે તો જ કિંમત અને પુરવઠા વચ્ચેનો સીધો સંબંધ સમજાવી શકાય.

#### 6.4.1.5આકસ્મિક ઘટનાઓનો અભાવ:

કિંમત અને પુરવઠા વચ્ચેનો સંબંધ સમજવા માટે અર્થતંત્રમાં દુષ્કાળ, અતિવૃષ્ટિ, ધરતીકંપ જેવી કુદરતી ઘટનાઓની ગેરહાજરી છે તેવી ધારણા કરવામાં આવે છે. કારણ કે, દુષ્કાળના સમયમાં કિંમતમાં ઘટાડો થયા વિના જ પુરવઠામાં ઘટાડો થાય છે. તેવી જ રીતે ધરતીકંપને પરિણામે શહેરના ઉદ્યોગો નાશ પામે તો કિંમતમાં ઘટાડો ન થયો હોવા છતાં પણ પુરવઠો ઘટે છે. માટે આકસ્મિક ઘટનાઓ બનતી નથી તેવી ધારણા કરવામાં આવી છે.

### 6.4.1.6 પેઢીઓની સંખ્યા સ્થિર છે:

પેઢીઓની સંખ્યા એ પુરવઠાને અસર કરતુ ખૂબ જ અગત્યનું પરિબળ છે. જેમ કે, જો વસ્તુનું ઉત્પાદન કરનારી પેઢીઓની સંખ્યા વધે તો કિંમતમાં કોઈપણ પ્રકારનો ફેરફારનાં થયો હોવા છતાં પુરવઠો વધે છે. અહીં ચીજ વસ્તુઓના ભાવ સ્થિર રહેવા છતાં પણ તેનો પુરવઠો વધે છે. આનાથી વિપરિત સ્થિતિમાં જો પેઢીઓની સંખ્યા ઘટે તો વસ્તુની કિંમતમાં ઘટાડો ન થયો હોવા છતાં પણ તેનો પુરવઠો ઘટે છે. આમ, પુરવઠાનો વધારો ઘટાડો માત્ર કિંમત ઉપર આધારિત નથી. માટે પુરવઠાનો નિયમ સમજવા માટે પેઢીઓની સંખ્યા સ્થિર ધારવામાં આવે છે.

### 6.4.1.7 પેઢીઓનો ઉદ્દેશ :

કોઈ પણ વસ્તુનો પુરવઠો વસ્તુનું ઉત્પાદન કરતી પેઢીના ઉદ્દેશ ઉપર આધારિત છે, પેઢીઓના ઉદ્દેશો પણ પુરવઠાને પ્રભાવિત કરે છે. જો કોઈ પેઢી માનવીની સુખાકારીમાં વધારો કરવા ઈચ્છતી હોય તો વસ્તુની કિંમત સ્થિર હોવા છતાં પણ અથવા તો ઘટવા છતાં પણ વસ્તુનો પુરવઠો વધારશે. માટે કિંમતની પુરવઠા પરની અસર તપાસવા માટે પેઢીઓના ઉદ્દેશમાં કોઈ ફેરફાર થતો નથી તેમ ધારી લેવામાં આવે છે. પેઢીઓનો ઉદ્દેશ માત્ર ને માત્ર મહત્તમ નફો પ્રાપ્ત કરવાનો જ છે અને બીજો કશો નથી એવી ધારણા કરવામાં આવે છે.

### 6.4.1.8 અન્ય પરિબળો:

ઉપરોક્ત દર્શાવ્યા સિવાયનાં ઘણા પરિબળો એવા છે કે જે વસ્તુના પુરવઠાને પ્રભાવિત કરે છે. જેમ કે, વાહન વ્યવહારની સગવડતા. જો વાહન વ્યવહારની સગવડતા વધુ કાર્યક્ષમ હોય તો હેરફેર ખર્ચ ઘટે છે, આથી વસ્તુનો પુરવઠો વધે છે. આ ઉપરાંત મંદી તથા ફુગાવો પણ વસ્તુના પુરવઠાને અસર કરે છે. મંદી એટલે સતત થતો ભાવ ઘટાડો અને ફુગાવો એટલે ભાવોમાં થતો સતત અને સર્વગ્રાહી વધારો. મંદી દરમ્યાન વસ્તુની કિંમત ઘટતી હોવા છતાં પણ પુરવઠો વધે અને ફુગાવામાં કિંમત વધતી હોવા છતાં પણ પુરવઠો ઘટે એવું પણ બને. આમ, આવા અન્ય પરિબળોને પણ સ્થિર ધારીને પુરવઠાનો નિયમ તારવવામાં આવે છે.

### 6.4.2 પુરવઠાના નિયમની સમજૂતી:

ઉપરોક્ત ધારણાઓના સંદર્ભમાં પુરવઠાની અનુસૂચિ અને પુરવઠા રેખા દ્વારા પુરવઠાના નિયમને સમજવાનો પ્રયત્ન કરીશું. પુરવઠાની અનુસૂચિ વસ્તુની કિંમત અને પુરવઠા વચ્ચેનો સંબંધ દર્શાવે છે. વસ્તુની જુદી જુદી કિંમતે અમુક નિશ્ચિત સમયે બજારમાં વસ્તુનો કેટલો પુરવઠો આવશે તે પુરવઠાની અનુસૂચિ દર્શાવે છે. કોઈ વેપારી કે ઉત્પાદક કોઈ એક સમયગાળામાં કયાં કયાં ભાવે કેટકેટલા પ્રમાણમાં કોઈ વસ્તુ વેચવાની વૃત્તિ-શક્તિ ધરાવે છે તે દર્શાવતી વિગતને પુરવઠાની અનુસૂચિ કહેવામાં આવે છે. વાસ્તવમાં બજારમાં બધા ભાવો એક સાથે પ્રવર્તતા નથી, તેથી કલ્પના કરવાની રહે છે કે અંદાજો બાંધવાના રહે છે કે અમુક અમુક કિંમતે અમુક અમુક ખરીદીની સંભાવના હશે.


### 6.4.2.1 પુરવઠાની અનુસૂચિ:

| X વસ્તુની કિંમત (રૂ. માં) | X વસ્તુનો પુરવઠો (એકમમાં) |
|---|---|
| 1 | 100 |
| 2 | 200 |
| 3 | 300 |
| 4 | 400 |
| 5 | 500 |

### 6.4.2.2 પુરવઠા રેખા:

પુરવઠાની અનુસૂચિ અને પુરવઠા રેખા એક જ બાબતને ભિન્ન રીતે રજૂ કરે છે, જેમ કે પુરવઠાની અનુસૂચિ આંકડાઓમાં કિંમત અને પુરવઠાનાં પ્રમાણો દર્શાવે છે, જ્યારે પુરવઠા રેખા આકૃતિમાં

કિંમત અને પુરવઠાના પ્રમાણો વ્યક્ત કરે છે. અર્થાત એક આંકડાકીય રજૂઆત છે, તો બીજી ભૌમિતિક રજૂઆત છે, તાત્ત્વિક રીતે તેમાં કોઈ ફેર નથી.




ઉપરોક્ત આકૃતિમાં દર્શાવ્યા પ્રમાણે ox ધરી ઉપર x વસ્તુનો પુરવઠો, oy ધરી ઉપર x વસ્તુની કિંમત દર્શાવવામાં આવી છે, જ્યારે ss એ પુરવઠા રેખા છે. જે કિંમત અને પુરવઠા વચ્ચેનો સીધો સંબંધ દર્શાવે છે. એટલે કે, વસ્તુની કિંમત વધતા પુરવઠો વધે છે અને વસ્તુની કિંમત ઘટતા પુરવઠો ઘટે છે. પુરવઠા રેખા હંમેશા ડાબી બાજુથી જમણી બાજુ ઉપર તરફ જાય છે અર્થાત પુરવઠા રેખાનો ઢાળ ધન હોય છે.

આકૃતિમાં જણાવ્યા પ્રમાણે જ્યારે x વસ્તુની કિંમત 1 રૂ. હોય છે ત્યારે તેનો પુરવઠો 100 એકમ હોય છે. જ્યારે કિંમત વધીને 2 રૂ. થાય છે ત્યારે પુરવઠો વધીને 200 એકમ થાય છે. આજ રીતે જ્યારે કિંમત વધીને 3 રૂ., 4 રૂ., અને 5 રૂ. થાય છે ત્યારે તેનો પુરવઠો વધીને અનુક્રમે 300 એકમ, 400 એકમ, અને 500 એકમ થાય છે. અહીંયા આપણે જોઈ શકીએ છીએ કે જેમ જેમ વસ્તુની કિંમત વધે છે તેમ તેમ તેનો પુરવઠો વધે છે અર્થાત્ ઉત્પાદકો કે વેપારીઓ વધુ કિંમતે વધુ જથ્થો બજારમાં વેચવા માટે મૂકે છે આથી પુરવઠો વધે છે. બીજી તરફ કિંમતમાં ઘટાડો થાય તો ઉત્પાદક કે વેપારી બજારમાં ઓછો જથ્થો વેચવા માટે મૂકે છે આથી પુરવઠો ઘટે છે.

### 6.4.3 કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ શા માટે છે?

#### 6.4.3.1 અવેજી અસર:

જ્યારે કોઈ વસ્તુની કિંમત વધે છે ત્યારે વધુ નફો કમાવા માટે ઉત્પાદક તે વસ્તુનું ઉત્પાદન વધારે છે. આ ઉત્પાદન વધારવા માટે ઉત્પાદક તે વસ્તુના ઉત્પાદનમાં વધુ સાધનો રોકશે અને અન્ય વસ્તુ કે જેના ભાવ વધ્યા નથી પણ સ્થિર રહ્યા છે તેમાં રોકાયેલા સાધનોનું પ્રમાણ ઘટાડી ઉત્પાદન ઘટાડશે. દા.ત. કોઈ જમીન પર એક જ સમયે ઘઉં તથા ચોખાનું ઉત્પાદન થઇ શકે એમ હોય અને જો ઘઉંનાં ભાવમાં વધારો થાય, તો ખેડૂત વધુ નફો મેળવવા ચોખાનું ઉત્પાદન કરશે તથા તેનો પુરવઠો ઘટાડશે અને ઘઉંનું ઉત્પાદન તથા તેનો પુરવઠો વધારશે. આમ, અવેજી અસર વડે આપણે કિંમત અને પુરવઠા વચ્ચેનો સીધો સંબંધ સમજી શકીએ. અહિયા એક વસ્તુ યાદ રાખવી જોઈએ કે, અવેજી અસરનાં પ્રમાણનો આધાર ઉત્પાદનના સાધનોની ગતિશીલતા પર હોય છે.

#### 6.4.3.2ઉત્પાદન ખર્ચ:

વસ્તુની કિંમત વધારવામાં આવે તો જ વસ્તુનો પુરવઠો વધે, તેવું પુરવઠાનો નિયમ દર્શાવે છે. તેની પાછળનું બીજું કારણ વધતા ખર્ચનો નિયમ કે ઘટતી પેદાશનો નિયમ છે. સાધનોની અછત વધવાથી તથા સાધનોનું સંયોજન બિનકાર્યક્ષમ બનવાથી ઉત્પાદન વધતા સીમાંત ખર્ચ વધે છે. એટલે કે વસ્તુના વધારાના એકમને ઉત્પન્ન કરવાનું ખર્ચ વધે છે. જો ઉત્પાદન ખર્ચ વધતું જ હોય તો વસ્તુનો પુરવઠો વધારવા વસ્તુની કિંમતો પણ વધારવી જ પડે.

### 6.4.4 પુરવઠાના નિયમના અપવાદો:

### 6.4.4.1અલભ્ય વસ્તુઓ:

કેટલીક વસ્તુઓ એવી હોય છે કે જેની કિંમતમાં ગમે તેવો ફેરફાર થાય પરંતુ તેના પુરવઠામાં કોઈ જ ફેરફાર થતો નથી. દા.ત. પ્રાચીન કાળના સિક્કાઓ, મૃત ચિત્રકારોના ચિત્રો, મૂર્તિઓ, હસ્તપ્રતો, અવશેષો, વગેરે. આવી વસ્તુઓની કિંમતમાં વધારો કે ઘટાડો થવા છતાં પણ તેમના પુરવઠામાં કોઈ જ ફેરફાર થતો નથી, આવી વસ્તુઓનો પુરવઠો સ્થિર હોય છે. વાસ્તવમાં આવી અલભ્ય વસ્તુઓની કિંમત સમયની સાથે વધતી હોય છે છતા તેનો પુરવઠો વધારવો શક્ય હોતો નથી. આજ રીતે જમીનની કિંમત વધવા છતા તેના પુરવઠામાં વધારો કરવો એ માનવશક્તિની બહારની વાત છે. તેવી જ રીતે દૂધ, શાકભાજી, ફળ વગેરેનો પુરવઠો ખૂબ ટૂંકાગાળામાં સ્થિર હોવાથી કિંમતોમાં વધારો ઘટાડો થવા છતાં પુરવઠામાં કોઈ ફેરફાર થતો નથી.

### 6.4.4.2અનાજનો પુરવઠો:

જ્યારે અનાજનું ઉત્પાદન કરનારા પોતે મોટા પ્રમાણમાં ઘરમાં તેની વપરાશ કરતા હોય અને તેની અવેજીમાં આવી શકે તેવી વસ્તુ બજારમાં મળે એમ ન હોય તથા આવક વધતા અનાજની માંગ વધતી હોય ત્યારે પુરવઠાના નિયમથી વિરૂધ્ધ અનાજની કિંમત વધવા છતાં તે ઓછો જથ્થો વેચાણ અર્થે મૂકશે આથી પુરવઠો ઘટશે. આવું એટલા માટે બને છે કે જ્યારે અનાજની કિંમતો વધે ત્યારે ખેડૂતો ઓછું અનાજ વેચીને પણ વધુ આવક મેળવી શકશે. આનાથી વિપરિત પરિસ્થિતિમાં જો અનાજની કિંમતો ઘટે તો તે વધુ આવક મેળવવા વધુ જથ્થો વેચવા માટે મૂકશે આથી ઘઉંનો પુરવઠો વધશે. અહિયાં કિંમત વધતા પુરવઠો ઘટે છે અને કિંમત ઘટતા પુરવઠો વધે છે, માટે અનાજની બાબતમાં પુરવઠાનો નિયમ લાગુ પાડી શકાય નહિ.

### 6.4.4.3શ્રમનો પુરવઠો:

શ્રમ ઉત્પાદનનું એક જીવંત સાધન છે, તેથી શ્રમના પુરવઠાની બાબતમાં પણ પુરવઠાનો નિયમ લાગુ પડતો નથી. શ્રમિકોને મળતા વેતનમાં વધારો થતા શરૂઆતમાં તે શ્રમિકો વધુ કામ કરવાનું પસંદ કરશે. જેમ જેમ વેતન વધશે તેમ અમુક હદ સુધી શ્રમિકો વધુ કામ કરશે પરંતુ તે હદ પછી પણ જો વેતન વધે તો શ્રમિકો વધુ કલાક કામ કરવાને બદલે ઓછા કલાક કામ કરશે અને બાકીનાં સમયમાં આરામ કરવાનું પસંદ કરશે. વસ્તુઓ વાપરવાથી મળતા સંતોષની જેમ જ આરામમાંથી પણ સંતોષ મળતો હોય છે, એટલે અમુક હદ પછીથી વેતનદર વધવા છતા શ્રમનો પુરવઠો ઘટે છે. આવું બનવાનું કારણ એ છે કે, કોઈક શ્રમિક અમુક કલાક શ્રમ કરી શકે, પણ વેતન વધે તો તે વધારે કલાક કામ કરે એવું ના બને કારણ કે, શ્રમિકની કામ કરવાની શારીરિક અને માનસિક મર્યાદા હોય છે.

### 6.4.4.4 નફાનો ઉદ્દેશ ન હોવો:

કિંમત વધતા પુરવઠો વધે છે કારણ કે, કિંમત વધતા નફો વધે છે. ઉત્પાદકો અને વેપારીઓ હંમેશા મહત્તમ નફા માટે જ પ્રયત્નશીલ હોય છે તેવી ધારણા તેની પાછળ રહેલી છે અને તેથી પુરવઠાના નિયમ મુજબની સ્થિતિ જોવા મળે છે. પરંતુ વાસ્તવમાં મહત્તમ નફા સિવાયના હેતુઓ પણ અસ્તિત્ત્વમાં હોય છે. જેમ કે, રાજકીય વગ વધારવાનો હેતુ, પરોપકાર કરવાનો હેતુ, કિર્તી મેળવવાનો હેતુ. જો નફાના હેતુ કરતા આવા હેતુઓનું પ્રાધાન્ય વધારે હોય તો પુરવઠાના નિયમથી વિરૂધ્ધ કિંમતમાં વધારો ન થવા છતાં પુરવઠામાં વધારો થાય છે.

### 6.4.4.5 વસ્તુના ભાવ અંગેની અફવા:

બજારમાં વસ્તુની કિંમત ઘટી હોય અને છતાં એવી અફવા ફેલાય કે હજીયે ભવિષ્યમાં તે વસ્તુની કિંમતો ઘટવાની છે તો કેટલાયે વેપારીઓ ઉતાવળે ભવિષ્યમાં વધુ ખોટ સહન ન કરવી પડે કે વધુ નીચી કિંમતે વસ્તુનું વેચાણ ન કરવું પડે તેવા આશયથી તે વસ્તુનું વેચાણ વર્તમાનમાં નીચી કિંમતે પણ

વધારતા જાય છે, અર્થાત કિંમત ઘટવા છતા પુરવઠો વધે છે. આજ રીતે જો ભવિષ્યમાં ભાવ વધવાનો અંદાજ હોય તો વધુ નફો મેળવવાની અપેક્ષાએ વર્તમાનમાં વધુ કિંમત હોવા છતાં તેઓ તે વસ્તુનો પુરવઠો વધારતા નથી, અર્થાત્ કિંમત વધવા છતા પુરવઠો ઘટે છે.

## 6.5 સારાંશ

આમ, ઉત્પાદકો દ્વારા ઉત્પાદિત થતા એકમોનો સમૂહ 'ઉત્પાદન' કહેવાય. આ ઉત્પાદનમાંથી કેટલોક ભાગ ઉત્પાદક કે પેઢી ગોદામોમાં રાખી મૂકે છે, જેને 'જથ્થા' તરીકે ઓળખવામાં આવે છે, અને ઉત્પાદનનો જે ભાગ બજારમાં વેચવા માટે લાવવામાં આવે છે, તેને 'પુરવઠો' કહેવામાં આવે છે. માંગની જેમ અર્થશાસ્ત્રમાં પુરવઠાનો ખ્યાલ અતિ મહત્ત્વનો છે અને તેને પણ કિંમત અને સમયનાં સંદર્ભમાં જ હંમેશા રજૂ કરવામાં આવે છે.

## 6.6 તમારી પ્રગતિ ચકાસો

**એક બે વાક્યમાં જવાબ આપો.**

1. વસ્તુ વેચવાની ઈચ્છા, શક્તિ અને તૈયારી એટલે?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

2. કિંમત અને પુરવઠા વચ્ચે કેવો સંબંધ છે?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

3. વસ્તુનો પુરવઠો શેના સંદર્ભમાં નક્કી થાય છે?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

4. કિંમત વધે તો પુરવઠાપર શું અસર થાય?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

5. કિંમત ઘટે તો પુરવઠા પર શું અસર થાય?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

6. પુરવઠાના સંદર્ભમાં સરકારની કરવેરા નીતિ કોને અસર કરે છે?

   ..................................................................

   ..................................................................

   ..................................................................

7. વસ્તુનું ઉત્પાદન કરતી પેઢીઓની સંખ્યા વધે તો પુરવઠામાં શું ફેરફાર થાય?

   ..................................................................

....................................................................

....................................................................

8. પુરવઠાની અનુસૂચિ અને પુરવઠા રેખા શું દર્શાવે છે?

....................................................................

....................................................................

....................................................................

**ટૂંકમાં જવાબ આપો.**

1. પુરવઠાની વ્યાખ્યા જણાવો.

....................................................................

....................................................................

....................................................................

2. પુરવઠાની ધારણાઓનો નિર્દેશ કરો.

....................................................................

....................................................................

....................................................................

3. અવેજી વસ્તુઓની કિંમત પુરવઠા પર કેવી અસર કરે છે?

....................................................................

....................................................................

....................................................................

4. ભવિષ્યના ભાવો અંગેના અંદાજોની પુરવઠા પરની અસર જણાવો.

....................................................................

....................................................................

....................................................................

5. ઉત્પાદન ખર્ચ પુરવઠા પર કેવી અસર કરે છે?

....................................................................

....................................................................

....................................................................

6. પુરવઠાની સમજૂતી માટે કરવેરાના પ્રમાણને શા માટે સ્થિર ધારવામાં આવે છે?

....................................................................

....................................................................

....................................................................

7. પેઢીઓની સંખ્યા પુરવઠા પર કેવી અસર કરે છે?

....................................................................

....................................................................

....................................................................

**ટૂંકનોંધ લખો.**

1. પુરવઠા અને જથ્થા વચ્ચેનો તફાવત સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. કિંમત અને પુરવઠા વચ્ચે સીધો સંબંધ શા માટે છે?

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

**નીચેના પ્રશ્નોના વિસ્તૃત જવાબ આપો.**

1. પુરવઠાનો નિયમ આકૃતિની મદદથી સમજાવો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

2. પુરવઠાના નિયમના અપવાદોની ચર્ચા કરો.

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

..........................................................................

## 6.7 કેટલાંક ઉપયોગી પુસ્તકો:


1. આર.કે. અમીન, અર્થશાસ્ત્રના સિધ્ધાંતો, યુનીવસીટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
2. હેમંતકુમાર શાહ, એકમલક્ષી અર્થશાસ્ત્ર, પાશ્વ પ્રકાશન, અમદાવાદ.
3. M.L. Jhingan, Micro Economics, VrundaPublication, Delhi.
4. H.L. Ahuja, Introductory Economic Theory, S. Chand Publishing, Delhi.
5. H.L. Ahuja, Principles of Micro Economics, S. Chand Publishing, Delhi.
6. D.N. Dwivedi, Microeconomics: Theory and Applications, Vikas Publishing, Delhi.
7. AmitKumarUpadhyay, Principles of Economics, Vikas Publishing, Delhi.
8. S.P. Singh, Micro Economics, S. Chand Publishing, Delhi.
9. M Girija, U K SudhaNayak, R Meenakshi, R Cauvery & N Kruparani, Microeconomic Theory, S. Chand Publishing, Delhi.